# પુત્રની સરકારથી પણ મુલાયમ ભારે નાખુશ

## સરકારે ખૂબ સારી કામગીરી અદા કરી હોવાનો અખિલેશ યાદવનો દાવો

લખનૌ, તા.૧૦

ઉત્તર પ્રદેશના સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ મુલાયમસિંહ યાદવ પોતાના પુત્ર એટલે કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના મંત્રીમંડળના કામકાજથી ખુશ નથી. મુલાયમસિહે પ્રથમ વખત જાહેરમાં તેમની નારાજગી વ્યક્ત કરી છે. જેથી ઉત્તરપ્રદેશના પ્રધાનમંડળના ઘણા સભ્યોમાં પણ તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. બીજીબાજુ અખિલેશનું કહેવું છે કે તેમની સરકારની કામગીરી સંતોષજનક છે. કેબિનેટમાં પરિવારના ઘણા સભ્યો પહેલાથી જ છે.

મુલાયમે આ જ કારણથી મંત્રીઓ બદલવાની જરૂરત બતાવી છે. આ જ મુખ્યમંત્રી અખિલેશ યાદવએ દર્શાવ્યું છે કે, ઉત્તર પ્રદેશની સરકાર સારું કામ કરી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ



મુલાયમએ પાર્ટીના કાર્યકર્તાઓ સાથેની બેઠકમાં માન્યું કે, તેમના મંત્રી ભ્રષ્ટાચારમાં લિપ્ત છે. જેમની જાણકારી તેમને પાર્ટીના કાર્યકર્તાઓ પાસેથી જ મળી રહી છે. બેઠકમાં મુખ્યમંત્રી અખિલેશ યાદવ, શિવપાલ યાદવ, રામગોપાલ યાદવ પણ હાજર હતા.

આ સમય પર રામગોપાલ યાદવએ કહ્યું કે, મુખ્યમંત્રીએ યુવાન લોકોને મહત્વ આપી રાખ્યું છે કે, જેણે પાર્ટી માટે કંઈક વધારે કામ નથી કર્યું અને પાર્ટીના કાર્યકર્તાઓની નજરઅંદાજી થઈ રહી છે. થોડા લોકો એ વાતનો દાવો કરી રહ્યા છે કે ટીમ અખિલેશના છે. અને આ વાતને લઈ તેમણે વિઝિટીંગ કાર્ડ પણ છપાવી રાખ્યા છે. આ ઠીક નથી. આ જ અખિલેશ આ વાતને દર્શાવી છે કે યુપી સરકાર સારું કામ કરી રહી છે.

# તેન્દુલકરના પુત્ર અર્જુનની મુંબઈ યુ-૧૪માં પસંદગી

મુંબઈ,તા. ૧૦

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરના પુત્ર અર્જુન તેન્ડુલકરની મુંબઈ યુ-૧૪ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. આની સાથે જ સચિન તેન્ડુલકરના પુત્રની ક્રિકેટમાં એન્ટ્રી વિધિવતરીતે થઈ ગઈ છે. મુંબઈ ક્રિકેટ એસોસિએશનની યુ-૧૪ ટ્રાયલમાં અર્જુને શાનદાર સદી ફટકારી હતી. અર્જુનની વેસ્ટ ઝોન



સામે રમાનારી મેચમાં મુંબઈ યુ-૧૪ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ખૂબ ઓછા લોકોને આ અંગેની માહિતી છે કે આ ડાબોડી બેસ્ટમેન અર્જુન લેફટઆર્મ ઝડપી બોલર પણ છે. એક ઓલરાઉન્ડર તરીકે તેની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. અર્જુને પૂણેમાં કેડેલ્સ ટ્રોફીમાં રાષ્ટ્રીય સ્તરે પ્રથમ મેચ રમી હતી. ત્યારબાદથી તે સતત રમી રહ્યો છે. સચિને તેન્ડુલકરની જેમ જ તે પણ બેટિંગ અને બોલિંગ બંનેમાં ઉપયોગી ભૂમિકા અદા કરી શકે છે તે જોતા આગામી દિવસોમાં અર્જુનની વધુ સિદ્ધિઓ જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. તેના શાનદાર દેખાવના આધાર પર ટીમમાં તેની પસંદગી કરવામાં આવી છે. વેસ્ટ ઝોન સામે રમાનારી મેચમાં અન્ય ખેલાડીઓ પણ તેની સાથે સ્પર્ધામાં ઉતરનાર છે. સચિને વનડે આંતરરાષ્ટ્રીય મેચમાંથી હાલમાં જ નિવૃત્તિ સ્વીકારી લીધી છે પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં રમવાની તૈયારી બતાવી છે. હવે સચિનના પુત્ર અર્જુને પણ આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિયતા મેળવવાની દિશામાં આગેકૂચ કરી દીધી છે.

# ગેંગ રેપમાં હાઈકોર્ટની ફટકાર બાદ પોલીસે અંતે માફી માંગી

નવી દિલ્હી,તા. ૧૦

સમગ્ર દેશને હચમચાવી મુકનાર દિલ્હી ગેંગ રેપની ઘટના મામલે ઉદાસીન વલણ બદલ દિલ્હી પોલીસની જોરદાર ઝાટકણી કાઢ્યા બાદ પોલીસે આજે માંફી માંગી હતી. કેસમાં સ્ટેટસ અહેવાલ રજૂ કરવામાં ઉદાસીનતા રાખવા બદલ દિલ્હી હાઈકોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ હાઈકોર્ટમાં નવો સ્ટેટસ અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. આ સ્ટેટસ અહેવાલમાં એ બાબતનો અને એ પોલીસ અધિકારીઓનો ઉલ્લેખ છે જે એવા રૂટ પર તૈનાત કરવામાં આવ્યા હતા જ્યાંથી ગેંગ રેપ વાળી બસ ૧૬મી ડિસેમ્બરના દિવસે પસાર થઈ હતી. કોર્ટે કેટલાક આદેશ પણ જારી કર્યા છે. દિલ્હી પોલીસે સ્ટેટસ અહેવાલ રજૂ કર્યા બાદ હાઈકોર્ટે આદેશ જારી કરતા કહ્યું છે કે હવે પીસીઆર વૈન કોઇ એક જગ્યા પર રહેશે નહા બલ્કેજુદી જુદી જગ્યાએ ફરતી રહેશે અને




પરિસ્થિતી પર ચાંપતી નજર રાખશે. કોર્ટે તમામ વાહનોમાંથી કાળા કાચને દુર કરવાનો પણ આદેશ આપ્યો છે. કાયદાકીય નિષ્ણાંતો માને છે કે હાઈકોર્ટમાં જે થઈ રહ્યું છે તેના માટે પોલીસ પોતે જવાબદાર છે. પોલીસ અધિકારી પોતાની ટીમને બચાવવાના પ્રયાસ કરી રહ્યા છે. ગેંગ રેપના દિવસે જે રૂટ પર પોલીસ ફરજ બજાવી રહ્યા હતા તે પોલીસ અધિકારીઓને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે બુધવારે દિલ્હી હાઈકોર્ટે પોલીસની જોરદાર ટિકા કરી હતી. આ ગંભીર મામલે એસીપી, પોલીસ કમીશનર અને ડીસીપીને સસ્પેન્ડ કેમ કરવા જોઈએ નહી. કોર્ટે આ નારાજગી એવા વખતે વ્યક્ત કરી છે જ્યારે દિલ્હી પોલીસે પોતાના સ્ટેટસ રિપોર્ટમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો ન હતો.

પોલીસે સ્ટેટસ રિપોર્ટ રજૂ કરતી કહ્યું હતું કે એસીપીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વારંવારના આદેશ છતાં પોલીસે એ અધિકારીઓ અને પોલીસના નામ કેમ આપ્યા નથી જે બનાવના દિવસે જુદા જુદા રૂટ પર ફરજ અદા કરી રહ્યા હતા. ચીફ જસ્ટીસ ડી. મુરુગેશન અને જસ્ટીસ વીકે જૈનની બેચ સમક્ષસિલ કવરમાં અહેવાલ રજૂ કરવામાં આવ્યો ત્યારે ડીસીપી છાયા શર્મા પર હાજર હતા.દિલ્હી હાઈકોર્ટે હવે અતિ કઠોર વલણ અપનાવતા દિલ્હી પોલીસની ઉંઘ હરામ થઈ ગઈ છે.

# સમાચાર ઝલક

- તત્કાલ ટિકીટ ધારક અંગે પરિપત્ર રદ કરાયો.
- અર્જુન મુંડાએ ઝારખંડમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેવાનો રેકોર્ડ બનાવ્યો.
- ઉત્તરાયણ પહેલાં જ મોદીના ફોટાવાળા પતંગોની માંગ વધી.
- ઓસ્ટ્રેલિયામાં ભારે ગરમી : ૫૦ ડીગ્રીનો રેકોર્ડ.
- બોલીવુડના સ્ટાર રોકાણકારોનું ગુજરાતમાં રોકાણ, બીગ-બી ગીફ્ટસીટી પાસે ફાઇવસ્ટાર હોટલ બનાવશે, અનુપમ ખેર, અજય દેવગણ, પરેશ રાવલ, જેકી શ્રોફ પણ રોકાણ કરશે.
- ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહ પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ ૧૫મી સુધી લંબાવાઇ.
- સૌરાષ્ટ્રની દરિયાઇ કિનારે શંક શેકી તેમાંથી નીકળતી 'ચક્કર ડોશી' ખાવાનો શોખ.
- અમદાવાદના જીનેશ્વર ઓર્નામેન્ટ દ્વારા દુનિયાની સૌથી મોટી અને સૌથી વધુ વજન ધરાવતી નાકની ચુની તૈયાર કરાઇ.
- 'રોમિંગ ફ્રી' થશે તો, કોલ રેટ વધશે, માર્ચ સુધીમાં અમલ થશે.
- સૂરત ગુરૂકૂળમાં ૨૧૧ વર્ષથી ચાલતી સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂન.
- ૧૦ લાખ ડોલરની લોટરી જીતનાર ભારતીયનું અમેરિકામાં શંકાસ્પદ મોત.
- સંતાનોની ફી ભરવાના પ્રશ્ને દલિત દંપતિએ એસિડ પીધું.
- ગેસ સિલિન્ડરમાં રૂા. ૭૫નો વધારો થવાની શક્યતા.
- બનાસકાંઠામાં સૂચિત રેલ્વે કોરીડોર સામે અસરગ્રસ્ત ખેડૂતોનો વિરોધ.

# આર્મીના બે જવાનોની હત્યા અંગે યુ.એન.ની તપાસ ભારતે ફગાવી

નવી દિલ્હી. તા.૧૦

કાશ્મીરમાં વાસ્તવિક અંકુશરેખા પર પોતાના બે જવાનોની હત્યા અંગે યુનાઈટેડ નેશન દ્વારા તપાસ હાથ ધરવાના સૂચનને ભારતે ગુરુવારે ફગાવી દીધું હતું. સરહદ પર હુમલો તથા આ બે હત્યા માટે ભારત અગાઉથી જ પાકિસ્તાનને દોષિત ઠેરવી રહ્યું છે. નાણાપ્રધાન પી. ચિદમ્બરમે ગુરુવારે નવી દિલ્હી ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે ભારત આ મામલાને આંતરરાષ્ટ્રીય સ્થ્ર આપવા માગતું નથી.

સરહદ પર ભારતે જ ગોળીબારનો પ્રારંભ કર્યો હતો તેવા પાકિસ્તાનના આક્ષેપને પણ ચિમ્દબરમે ફગાવી દીધો હતો.

પાકિસ્તાનના વિદેશ પ્રધાન હિના રબ્બાનીએ ભારતીય ન્યૂઝ ચેનલને આપેલી મુલાકાતમાં ભારતના આક્ષેપને ફગાવીને આ મામલામાં ત્રીજા પક્ષ દ્વારા તપાસ થાય તેવી ઓફર કરી હતી.

ભારતે નવી દિલ્હી ખાતેના પાકિસ્તાનના પ્રતિનિધિને બોલાવીને કાશ્મીરની ઘટના અંગે સખત વિરોધ નોંધાવ્યો હતો. ભારતે પાકિસ્તાની સૈનિકોના જૂથ પર આક્ષેપ કર્યો હતો કે અંકુશરેખા પર તેમણે અમાનવીય અને ક્રૂર વર્તન કર્યું હતું.રવિવારે વાસ્તવિક અંકુશરેખા પર બનેલી ઘટનામાં પાકિસ્તાની સૈનિકોએ ભારતના બે જવાનોની હત્યા કરી હતી અને તેમનું માથું કાપીને લઈ ગયા હતા.આ મામલે બંને દેશના સંબંધોમાં ફરીથી તંગદિલી સર્જાઈ છે. તાજેતરની આ ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૦૦૩માં થયેલા યુદ્ધવિરામ કરાર ઉપર પણ જોખમ આવી ગયું હતું. ૧૯૪૭માં બંને દેશના ભાગલા પડ્યાં એ પછી કાશ્મીરના મામલે ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ વખત યુદ્ધ થઈ ચૂક્યા છે. બંને દેશો અત્યારે અણુસત્તા ધરાવે છે.



Lance Naik Sudhakar Singh | Lance Naik Hem Raj

છેલ્લા કેટલાંક સમયથી સરહદ સિવાય બંને દેશ વચ્ચેના સંબંધો સુધર્યા છે. હજી તાજેતરમાં જ પાકિસ્તાનની ટીમે ભારતનો પ્રવાસ ખેડ્યો હતો. પાંચ વર્ષ બાદ ભારત આવેલી પાકિસ્તાની ટીમ બે સપ્તાહના પ્રવાસમાં ત્રણ વન-ડે અને બે ટી૨૦ મેચ રમી હતી.

# પાકમાં ઘુસીને બદલો લેવા ઉદ્ધવનો સરકારને પડકાર

મુંબઇ,તા. ૧૦

જમ્મુ કાશ્મીરના પુચ્છ જિલ્લામાં પાકિસ્તાનના કૃત્ય બાદ તેની ચારેબાજુ આકરી ટિકા થઇ રહી છે. પાકિસ્તાનના આ કૃત્ય બાદ શિવ સેનાએ બદલો લેવાની વાત કરી છે. શિવ સેનાના મુખપત્ર સામનામાં પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે ભારત સરકારે હિમ્મત દાખવી જોઇએ. પાકિસ્તાનમાં ઘુસીને હુમલો કરીને બદલો લેવા ઉદ્ધવ ઠાકરેએ સાફ શબ્દોમાં કહ્યું છે. તેમનુ કહેવુ છે કે પાકિસ્તાનમાં ઘુસીને હુમલો કરીને જ એલઓસી પર શહીદ થયેલા જવાનોને સાચી શ્રદ્ધાંજલિ આપી શકાશે. ઉદ્ધવે કહ્યું છે કે સરકાર હજુ પણ ખુબ ઉદાસીન વલણ અપનાવી રહી છે. કેન્દ્ર



સરકાર પર પ્રહારો કરતા શિવ સેનાના કારોબારી પ્રમુખ ઉદ્ધવે સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીના રાજીનામાની માંગ કરી છે. આ અગાઉ સંજય રાઉતે પણ શિવ સેના તરફથી ભારત અને પાકિસ્તાન વચ્ચેની દ્વિપક્ષીય ક્રિકેટ શ્રેણી બંધ કરી દેવાની જોરદાર માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન સાથેના તમામ સંબંધો તોડી લેવાની જરૂર છે. શિવ સેનાના નેતાએ માંગ કરી હતી કે ભારત સરકાર પાકિસ્તાનના તમામ કલાકારોને પણ પરત મોકલી દેવા જોઇએ. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનયુદ્ધ વિરામનો ભંગ કરીને એલઓસીમાં ઘુસણખોરી કરીને બે ભારતીય જવાનોની ઘાતકી હત્યા કરી દીધી હતી. આ ઘાતકી હત્યાની સામે નારાજગી છે ત્યારે શિવ સેનાએ આકરી પ્રતિક્રિયા આપી છે. બદલો લેવાની વાત કરી નવી ચર્ચા છેડી દીધી છે.

# શહિદ પુત્રનું માથુ મળ્યા બાદ જ શાંતિ થશે : માતા

જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા નિર્દયરીતે બે જવાનોની હત્યા કરવામાં આવ્યા બાદ આને લઈને આક્રોશ જારી છે ત્યારે શહિદ થયેલા બે જવાનો પૈકીના એક લાંસ નાયક હેમરાજના પરિવારના સભ્યોએ માંગણી કરી છે કે સાહસી જવાનના લાપતા માથાને શક્ય તેટલી વહેલી તકે શોધી કાઢીને પરત કરવામાં આવે. લાંસ નાયક હેમરાજની માતાએ કહ્યુ છે કે જ્યાં સુધી તેમના સાહસી પુત્રનું માથુ પરત અપાશે નહીં ત્યાં સુધી શાંતિ મળશે નહીં. આઘાતમાં ગરકાવ થયેલી માતાએ કહ્યુ છે કે પરિવારના સભ્યોએ છેલ્લી ઘડીએ તેમના વિજેતા પુત્રને જોઈ શક્યા નથી તેનું દુઃખ છે. પરંતુ જ્યાં સુધી માથુ મળશે નહીં ત્યાં સુધી શાંતિ વળશે નહીં. બીજીબાજુ હેમરાજની પત્ની ધર્મવતી, માતા મીના, બે પુત્રી નિર્મલ(૮), કલ્લુ(૩) પુત્ર પ્રિન્સ, ભાઈ પૂરણ અને જયસિંહનો સમાવેશ થાય છે. હેમરાજ અમર રહેની ગુંજ વચ્ચે તેના વતનગામ ખેરાર ખાતે સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે લાંસ નાયક હેમરાજના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

# તાતા મોટર્સ ૧૦૦૦૦૦ કરોડના ક્લબમાં સામેલ

મુંબઈ, તા.૧૦

તાતા મોટર્સે તેની યશકલગીમાં વધુ એક મોરપીંછુ ઉમેરી દીધુ છે. તાતા મોટર્સની માર્કેટ મૂડી આજે વધીને એક લાખ કરોડના આંકડાને પાર કરી ગઈ હતી. આની સાથે જ તાતા મોટર્સ અન્ય મહાકાય કંપનીઓની યાદીમાં સામેલ થઈ ગઈ છે. તાતા મોટર્સ કંપની હવે આવી ૧૪ સભ્યોની ક્લબમાં જોડાઈ ગઈ છે જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસનો સમાવેશ થાય છે. તાતા મોટર્સના શેર આ વર્ષે રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચ્યા છે. બુધવારના બંધ આંકની સામે આજે તેના શેરમાં ૪.૭ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો હતો. વર્ષ ૨૦૧૨માં તેના શેરમાં ૭૫ ટકાનો વધારો નોંધાયો છે. જગુઆર લેન્ડ રોવરના વેચાણમાં ઉલ્લેખનીય વધારો થયો છે. ચાવીરૂપ ચાઈના માર્કેટમાં આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. ઓટો માર્કેટની હિસ્સેદારીમાં પણ વધારો થયો છે. એક લાખ કરોડની માર્કેટ મૂડીમાં જુદા જુદા મતદાનના અધિકારી અને કોમન શેરનો સમાવેશ થાય છે. તાતા મોટર્સના શેરમાં ૧.૮ ટકાનો વધારો બપોરના ગાળામાં જ થયો હતો.

# બિહારમાં ટ્રક પલટી ખાતા ૨૫ મોત થયા

બિહારના ઓરંગાબાદ નજીક મજુરોથી ખીચોખીચ ભરેલી ટ્રક પલટી ખાઈ જતા ઓછામાં ઓછા ૨૫ મજુરોના મોત થયા છે અને અન્ય ૧૦ મજુરો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાક મજુરોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. પોલીસની પ્રાપ્ત અહેવાલ મુજબ બિહારના ઓરંગાબાદ જિલ્લામા મુફસ્સિલ પોલીસ સ્ટેશન વિસ્તારના તીતાઈબિગહા ગામમા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૧૩૯ ઉપર મજૂરોને લઈને જતી ટ્રક સવારે પલટી ગઈ હતી. ટ્રક પલટીને રોડની બાજુમા આવેલા ખાડામા પડતા ટ્રકમા બેસેલા ૨૫ લોકોની મો થઈ ગયા હતા. પોલિસ અધીક્ષક (એસપી) દલજીત સિંહના જણાવ્યા પ્રમાણે તિતાઈબિગહા ગામની પાસે ટ્રક ચાલકે કાબુ ગુમાવી દેતા આ બનાવ બન્યો હતો. આવી હતી.

# પીએસયુ બેંકોમાં નાણાં ઠાલવવા અંગે સરકારની લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૧૦

સરકારે જાહેરક્ષેત્રની બેંકોમાં ૧૨૫૧૭ કરોડ રૂપિયા ઠાલવવાની દરખાસ્તને આજે લીલીઝંડી આપી દીધી હતી. ધીરાણની પ્રવૃત્તિને વેગ આપવા અને મૂડી જરૂરિયાત ધારાધોરણોને પહોંચી વળવા માટે આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. આશરે ૯-૧૦ જાહેરક્ષેત્રની બેંકોને મૂડી ઠાલવવા સાથે સંબંધિત આ કાર્યક્રમથી ફાયદો થશે. કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા નાણાં મંત્રી પી. ચિદમ્બરમે કહ્યુ હતુ કે વ્યાપક વિચારણા કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે મૂડી ઠાલવવા સાથે સંબંધિત રકમ અને શરતો દરેક બેંક સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ નક્કી કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આ કવાયતનો હેતુ ઓછી મૂડી સાથે સંબંધિત કઠોર બેઝલ-૩ ધારાધોરણને પહોંચી વળવાનો છે. ફંડ માર્ચ પહેલા ફાળવી દેવામાં આવશે. તમામ જાહેરક્ષેત્રની બેંકોને આ અંગને રૂપરેખા તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. સરકારે વર્તમાન નાણાંકીય વર્ષ માટે બજેટમાં આ રકમ પહેલાથી જ મુકી હતી. સરકાર છેલ્લા ઘણા વર્ષમાં જાહેરક્ષેત્રની બેંકોમાં આ નાણાં ઠાલવી રહી છે. બેંકોની નાણાંકીય સ્થિતિને મજબુત કરવાના ઈરાદાથી છેલ્લા ઘણા વર્ષોથી બેંકોને જંગી રકમ અપાઈ છે. અગાઉના બે નાણાંકીય વર્ષમાં ૩૨૦૦૦ કરોડની રકમ ઠાલવવામાં આવી હતી. વર્ષ ૨૦૧૧-૧૨ના ગાળા દરમિયાન જાહેરક્ષેત્રની બેંકોને કેપિટલ રેશિયોને સુધારવા માટે ૧૨૦૦૦ કરોડની રકમ મળી હતી. સરકારે આઠ ટકાના દરે ટાયર-૧ મૂડી જાળવી રાખવા ૨૦૧૦-૧૧માં જાહેરક્ષેત્રની બેંકોમાં ૨૦૧૫૭ કરોડ રૂપિયા ઠાલવ્યા હતા. સાથે સાથે કેટલીક બેંકોમાં સરકારી ઈક્વિટી ૫૮ ટકા સુધી વધારી હતી. બેઝલ-૩ ધારાધોરણને પહોંચી વળવા માટે જાહેરક્ષેત્રની બેંકોની મૂડી જરૂરિયાતો અંગે નાણાં મંત્રાલય દ્વારા કરવામાં આવેલા મુલ્યાંકનના આધાર પર આ મૂડી ઠાલવવામાં આવી છે. તબક્કાવારી રીતે સમગ્ર પ્રક્રિયા હાથ ધરાઈ છે. રિશ્ક મેનેજમેન્ટ મેકેનિઝમને મજબુત કરવાના હેતુસર રિઝર્વ બેંકે ગયા વર્ષે બેઝલ-૩ માટે માર્ગદર્શિકા જારી કરી હતી. બેઝલ-૩ મૂડી ધારાધોરણો પર આધારિત માર્ગદર્શિકા પહેલી જાન્યુઆરી ૨૦૧૩થી અમલી બનાવવામાં આવી છે.

# ડિઝલની કિંમતમાં વધારો કરવા રંગરાજનની તરફેણ

નવી દિલ્હી,તા. ૧૦

ફ્યુઅલની કિંમતમાં વધારો થવાના સંકેત અને રેલવે ભાડામાં વધારો થયા બાદ સામાન્ય લોકો નારાજ દેખાઈ રહ્યા છે ત્યારે વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના ચેરમેન સી રંગરાજને આજે કહ્યુ હતુ કે ફુગાવાને અંકુશમાં લેવાની જરૂર છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આયોજીત પરિષદમાં ઉદ્ઘાટન સંબોધન દરમિયાન રંગરાજને કહ્યુ હતુ કે અમને અપેક્ષા છે કે સ્થિતિ સામાન્ય બની જશે. ફુગાવો માર્ચ સુધી ઘટીને સાત ટકા સુધી આવી જશે. પરંતુ ફુગાવાને અંકુશમાં લેવા માટે હજુ નક્કર પગલા લેવા પડશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ફુગાવો આગામી નાણાંકીય વર્ષના અંત સુધી છ ટકા સુધી થઈ જશે. સાથે સાથે સબસિડી વાળા એલપીજીની કિંમતમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે.

# ધોનીએ ટી૨૦નું સુકાન છોડી દેવું જોઈએ : દ્રવિડ

બેંગલોર, તા.૧૦

મહેન્દ્રસિંહ ધોનીએ સુકાનીપદ છોડી દેવું જોઈએ તેમ સમગ્ર દેશમાં તેની ટીકા થઈ રહી છે ત્યારે ભૂતપૂર્વ સુકાની રાહુલ દ્રવિડે ધોનીનો પક્ષ લીધો હતો અને જણાવ્યું હતું કે ભારતીય ટેસ્ટ ટીમની આગેવાની લઈ શકે તેવો એકમાત્ર સક્ષમ સુકાની હોય તો તે ધોની છે પરંતુ તેણે ટી૨૦નું સુકાનીપદ છોડી દેવું જોઈએ. રાહુલ દ્રવિડે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ભારતીય ટેસ્ટ ટીમને સફળતા અપાવી શકે તેવો એકમાત્ર ધોની જ છે અને આ જવાબદારી તે સારી રીતે અદા કરી રહ્યો છે. એક ફેરફાર જરૂરી છે અને તે એ છે કે તેણે એક સમયે એક જ પ્રકારના ક્રિકેટ પર ધ્યાન આપવું જોઈએ. કોઈ એક વ્યક્તિ દર વખતે દરેક માળખામાં સફળ થાય તે જરૂરી નથી. ધોનીએ ક્યારેય એવું કહ્યું નથી કે તે હંમેશા રમતો રહેશે પરંતુ સુકાની તરીકે જારી નહીં રહે કારણ કે તે થોડો થાકેલો જણાય છે.

આ સંજોગોમાં મારું માનવું છે કે તેણે ભારતની ટી૨૦ ટીમ તથા આઈપીએલની ચેન્નાઈની ટીમની આગેવાની છોડી દેવી જોઈએ જેનાથી તેને માનસિક રાહત મળશે અને આ રાહતથી જ તે વિકેટકીપિંગ તથા બેટિંગ આસાનીથી કરી શકશે તેમ દ્રવિડે જણાવ્યું હતું.જોકે તેણે ટેસ્ટ, વન-ડે અને ટી૨૦ ત્રણેયમાં રમવાનું જારી રાખવું જોઈએ કારણ કે તે ભારતીય ટીમનો મૂલ્યવાન ક્રિકેટર છે. ટી૨૦ની કપ્તાની વિરાટ કોહલી જેવા યુવાનને સોંપી દેવી જોઈએ.

## ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૩) મહર્ષિ અંક્તિ બી. : ૨૪થી
પ્રશ્ન - ફ્રાન્સ અને જર્મની વચ્ચે આવેલ સરહદનું નામ શું?
જવાબ - મેહીનોટ લાઇન
(૪) ધ્રુવ એમ. પટેલ : સે-૨૬થી
પ્રશ્ન - પ્રિન્ટીંગ પ્રેસની શોધ કોણે કરી હતી?
જવાબ - ૧૪૫૫માં જર્મનીના વૈજ્ઞાનિક ગુટનબર્ગે
(૫) ધાર્મિક એસ. પટેલ : સેકટર-૨૦
પ્રશ્ન - એસિલોગ્રાફ શા માટે વપરાય છે?
જવાબ - તેનાથી વિદ્યુતપ્રવાહની ધ્રુજારી માપવામાં આવે છે?

● આ સપ્તાહનો સવાલ...?

**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક કોણ છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

[illegible]